# 7 દિવસ ગુજરાતમાં વરસાદી માહોલ

**ઉત્તર**-મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્રમાં આજે યલો એલર્ટ, ગાજવીજ સાથે વરસાદની શક્યતા

**આવતીકાલથી** દ.ગુજરાતમાં મધ્યમથી ગાજવીજ સાથે વરસાદી ઝાપટાંની સંભાવના



અમદાવાદઃ ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગેકૂચ ધીમી ગતિએ આગળ વધી રહી છે ત્યારે આગામી સાત દિવસ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે 19 જૂન માટે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. મહીસાગર જિલ્લામાં એકાદ સ્થળે અતિભારે વરસાદ પડ્યો હતો. જ્યારે અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા, જ્યારે કચ્છમાં વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું. અમદાવાદ શહેર માટે હવામાન વિભાગે સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની આગાહી કરી છે. શહેરમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદના એકથી બે ઝાપટાં પડી શકે છે.

19 જૂનના રોજ બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગાજવીજ, વીજળીના ચમકારા અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આ ઉપરાંત વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરુચ તેમજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લામાં પણ સમાન પરિસ્થિતિ સર્જાઈ શકે છે. તા. 20 જૂને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ રહેશે.

21 જૂનથી 25 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ દરમિયાન સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ 22 જૂન સુધી વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલમાં હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, કોરાપુટ, રાંચી, જમુઈ અને મુઝફ્ફરપુર વિસ્તારોમાંથી પસાર થઈ રહી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. હવામાન વિભાગે ગાજવીજ, વીજળીના ચમકારા અને તેજ પવનની આગાહીને ધ્યાનમાં રાખીને ખેડૂતો તથા નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા સૂચના આપી છે. ખાસ કરીને ખુલ્લા વિસ્તારોમાં રહેતા લોકો અને ખેતીના કામમાં વ્યસ્ત ખેડૂતોને હવામાનની તાજી આગાહીઓ પર નજર રાખવાની સલાહ આપવામાં આવી છે.

## માણસામાં થશે રાજ્ય કક્ષાના યોગ દિવસ ઉજવણી

ગાંધીનગર : 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાશે, જેમાં 4 હજારથી વધુ નાગરિકો સહભાગી બનશે. રાજ્યભરમાં યોગ દિવસને ભવ્ય અને જનભાગીદારીપૂર્ણ બનાવવા માટે સરકાર દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ વર્ષે ગુજરાતના 1.25 કરોડથી વધુ નાગરિકો યોગ પ્રોટોકોલ તાલીમ અને સામૂહિક યોગાભ્યાસમાં જોડાશે, જ્યારે રાજ્યના 17 મહાનગરપાલિકા વિસ્તારો, 33 જિલ્લાઓ, તમામ તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં એક જ સમયે યોગ કાર્યક્રમો યોજાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે આ વર્ષની યોગ દિવસ ઉજવણીને વિશેષ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

# ગોંડલની મસાલા ફેક્ટરીમાંથી રૂ. 1.11 કરોડનો શંકાસ્પદ જથ્થો જપ્ત થયો

**35 હજાર** કિલોથી વધુ મસાલા જપ્ત, ગુણવત્તા ચકાસણી માટે નમૂનાઓ લેબમાં મોકલાયા

ગાંધીનગરઃ રાજ્યમાં ભેળસેળયુક્ત અને શંકાસ્પદ ખાદ્ય પદાર્થો સામે ચાલી રહેલા અભિયાન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્રે રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે આવેલી સત્યમ મસાલા ફેક્ટરીમાં દરોડો પાડી રૂ.1.11 કરોડથી વધુ કિંમતના 35,527 કિલોગ્રામ શંકાસ્પદ મસાલા અને ખાદ્ય પદાર્થોનો જથ્થો સીઝ કર્યો છે. ધાણા, કોર્ન, મરચું અને હળદર પાઉડરના નમૂનાઓ ગુણવત્તા ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રે રાજકોટ જિલ્લાના ગોંડલમાં મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગોંડલના ભીમવાડી વિસ્તારમાં આવેલી સત્યમ મસાલા નામની ફેક્ટરી પર પાડવામાં આવેલા દરોડા દરમિયાન રૂ.1.11 કરોડથી વધુ કિંમતના 35,527 કિલોગ્રામ શંકાસ્પદ મસાલા અને ખાદ્ય પદાર્થોનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે શંકા ઊભી થતાં વિભાગે નમૂનાઓ લઈને તેને પ્રયોગશાળામાં તપાસ માટે મોકલી આપ્યા છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 17 જૂને હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન ધાણા પાઉડર, કોર્ન પાઉડર, મરચું પાઉડર અને હળદર પાઉડરના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન આશરે 6,766 કિલોગ્રામ ધાણા અને કોર્ન પાઉડરનો રૂ.8.22 લાખનો જથ્થો તેમજ 28,671 કિલોગ્રામ મરચું અને હળદર પાઉડરનો રૂ.1.02 કરોડથી વધુનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. ભેળસેળયુક્ત, હલકી ગુણવત્તાવાળા અથવા આરોગ્યને નુકસાન પહોંચાડતા ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને વેચાણ સામે કોઈપણ પ્રકારની ઢીલાશ રાખવામાં આવશે નહીં અને દોષિતો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જણાવ્યા મુજબ લેબોરેટરીના અહેવાલ મળ્યા બાદ ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજ્યભરમાં ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા ચકાસણી અભિયાનને વધુ સઘન બનાવવામાં આવ્યું છે અને જન આરોગ્યના હિતમાં આવી કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે.

# 1,567 કરોડના 15 મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને લીલીઝંડી

**પ્રોત્સાહન** સહાયથી 1,238થી વધુ રોજગારી સર્જાવાની આશા

**હર્ષ** સંઘવીની અધ્યક્ષતામાં સમિતિએ મંજૂરી આપી

**આ શહેરમાં પ્રોજેક્ટ્સને મળેલી સહાય**

| જિલ્લો | ક્ષેત્ર | સહાય |
|---|---|---|
| ભરૂચ | કેમિકલ્સ | 999.82 કરોડ |
| અમદાવાદ | ઓટોમોબાઇલ | રૂ.75.72 કરોડ |
| સુરેન્દ્રનગર | ઓટોમોબાઇલ | રૂ. 44.56 કરોડ |
| ગાંધીનગર | ટેક્સટાઇલ | રૂ.13 કરોડ |

ગાંધીનગર : ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા રાજ્ય સરકારે કુલ 1,567.18 કરોડનું રોકાણ ધરાવતા 15 મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સની પ્રોત્સાહન સહાય મંજૂર કરી છે. રાજ્યની ઔદ્યોગિક નીતિ-2015 હેઠળ અમલમાં રહેલી 'ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ' અંતર્ગત અપાયેલી આ મંજૂરીઓથી આશરે 1,238 નવી રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ સમિતિની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારની આ યોજના હેઠળ ગુજરાતમાં સ્થાપિત થતા પાત્ર ઉદ્યોગોને નેટ SGST સહાય આપવામાં આવે છે, જેના માધ્યમથી મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજીકલ ઈનોવેશન અને મોટા પાયે ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવામાં આવે છે.

સરકારના જણાવ્યા મુજબ, આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં 1.48 લાખ કરોડથી વધુનું રોકાણ આકર્ષાયું છે, જેના પરિણામે 1.65 લાખથી વધુ સીધી રોજગારીનું સર્જન થયું છે.

રાજ્ય સરકારનું માનવું છે કે આ પ્રકારની પ્રોત્સાહક નીતિઓના કારણે ગુજરાત દેશ અને વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું કેન્દ્ર બની રહ્યું છે. સાથે જ મોટા ઉદ્યોગો ઉપરાંત એમએસએમઈ (MSME) ક્ષેત્રને પણ આ યોજનાથી લાભ મળી રહ્યો છે, જેના કારણે રાજ્યમાં મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે.

**વાહન અકસ્માત કેસોમાં માહિતી આયોગનો મોટો નિર્ણય**

# અકસ્માતના પીડિતો અને વીમા એજન્ટને FIRની કોપી મફત મળશે

**પંચનામું** અને એફએસએલ રિપોર્ટ વિનામૂલ્યે આપવા આદેશ

ગાંધીનગર : વાહન અકસ્માતના ભોગ બનેલા નાગરિકો અને તેમના પરિવારજનોને વીમા ક્લેઈમ તથા કાનૂની પ્રક્રિયા માટે જરૂરી દસ્તાવેજો મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા ગુજરાત રાજ્ય માહિતી આયોગના કમિશનર નિખિલ ભટ્ટે મહત્વપૂર્ણ અને લોકહિતકારી આદેશ કર્યો છે. માહિતી આયોગે હુકમ કર્યો છે કે અકસ્માત સંબંધિત ફરિયાદ , પંચનામું, એફએસએલ (FSL) રિપોર્ટ, ઈન્ક્વેસ્ટ પંચનામું, પોસ્ટમોર્ટમ રિપોર્ટ સહિતના તમામ જરૂરી દસ્તાવેજો પીડિતો, તેમના વારસદારો અને ઈન્સ્યોરન્સ કંપનીના અધિકૃત એજન્ટોને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા પોલીસ તંત્ર બંધાયેલું રહેશે.

આ મહત્વપૂર્ણ નિર્ણય કલોલના એક કેસની સુનાવણી દરમિયાન લેવામાં આવ્યો હતો, જેમાં ઈન્સ્યોરન્સ કંપનીના એજન્ટે બે અકસ્માત કેસોના દસ્તાવેજોની માંગણી કરી હતી. પોલીસ અને કોર્ટ બંને તરફથી માહિતી ન મળતાં મામલો માહિતી આયોગ સુધી પહોંચ્યો હતો. સુનાવણી દરમિયાન આયોગે નોંધ્યું હતું કે MACT એક્ટ-2022 અને સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ આ માહિતી અરજદારોને વિનામૂલ્યે આપવાની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં તેનું પાલન થતું નથી.

આયોગે પોતાના આદેશમાં રાજ્યના પોલીસ વડા (DGP)ને તમામ પોલીસ સ્ટેશનોમાં અકસ્માત કેસોના અહેવાલો સમયસર અને વિનામૂલ્યે આપવાની સુનિશ્ચિતતા કરવા સૂચના આપી છે. સાથે જ આરટીઆઈ (RTI) અરજીઓનો ઝડપી નિકાલ થાય અને કાયદાની જોગવાઈઓનું પાલન થાય તે માટે રાજ્યભરમાં જરૂરી માર્ગદર્શિકા જારી કરવાની ભલામણ પણ કરવામાં આવી છે.

માહિતી આયોગે વધુમાં e-GujCOP સોફ્ટવેરમાં ટેકનિકલ સુધારા કરીને FIR (First Accident Report), IAR (Interim Accident Report) અને DAR (Detailed Accident Report) ઓટોમેટિક જનરેટ કરવાની વ્યવસ્થા ઊભી કરવા પણ સૂચન કર્યું છે.

# પરિમલ નથવાણી ઝારખંડથી ઐતિહાસિક ચોથી ટર્મ માટે રાજ્યસભામાં ચુંટાયા

**અપક્ષ** ઉમેદવાર તરીકે ફરી નોંધાવી જીત; ગ્રામીણ વિકાસ, કૌશલ્યવર્ધન અને માળખાગત સુવિધાઓને આપશે પ્રાથમિકતા



ગાંધીનગરઃ ઝારખંડનું પ્રતિનિધિત્વ કરતા ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર પરિમલ નથવાણી રાજ્યસભામાં ઐતિહાસિક ચોથી ટર્મ માટે ચૂંટાઈ આવ્યા છે. રાજ્યની બે બેઠકો માટે ત્રણ ઉમેદવારો વચ્ચે થયેલી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે તેમની જીત નોંધપાત્ર માનવામાં આવી રહી છે. ઝારખંડમાંથી અગાઉ બે કાર્યકાળ સુધી અપક્ષ સાંસદ તરીકે સેવા આપી ચૂકેલા નથવાણી રાજ્યસભાના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા અપક્ષ સાંસદ તરીકે પણ ઓળખાય છે. ચૂંટણીમાં વિજય બાદ પરિમલ નથવાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ તેમજ ઝારખંડ ભાજપ અને એનડીએના તમામ ધારાસભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઝારખંડને પોતાની "કર્મભૂમિ" ગણાવતા જણાવ્યું હતું કે રાજ્યના લોકોની સેવા કરવાની ફરી તક મળવી તેમના માટે ગૌરવની બાબત છે.

નથવાણીએ આગામી કાર્યકાળ માટે ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે કૌશલ્યવર્ધન કાર્યક્રમો, કુટીર ઉદ્યોગોના પુનર્જીવન, રોજગારીની નવી તકો, આરોગ્ય, શિક્ષણ અને માળખાગત સુવિધાઓના વિસ્તરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રાજ્યના અંતરિયાળ વિસ્તારો સુધી વિકાસનો લાભ પહોંચાડવાનો તેમનો મુખ્ય ઉદ્દેશ રહેશે. પરિમલ નથવાણીનો અગાઉનો સંસદીય કાર્યકાળ વિકાસલક્ષી પહેલો માટે વિશેષ નોંધપાત્ર રહ્યો છે. સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ તેમણે પોતાના એમપીએલએડી ફંડનો લગભગ સંપૂર્ણ ઉપયોગ ગ્રામીણ વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા માટે કર્યો હતો. બડામ-જરાટોલી, ચુટ્ટુ અને બરવાડાગ જેવી ગ્રામ પંચાયતોમાં કરાયેલા વિકાસકાર્યોને રાજ્યમાં આદર્શ મોડલ તરીકે જોવામાં આવે છે.

# UPI સર્વિસ બંધ કરાવ્યા છતાં નિવૃત્ત ખેડૂતના રૂ.2.98 લાખ ટ્રાન્સફર

**યોગી** ચોકના વૃદ્ધે SBIની યોનો એપ ચાલુ કર્યાના 24 કલાકમાં જ રકમ ગાયબ

સુરતઃ શહેરના યોગીચોક વિસ્તારમાં રહેતા અને મૂળ જૂનાગઢના ૭૨ વર્ષીય નિવૃત્ત ખેડૂતને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં યોનો એપ્લિકેશન શરૂ કરાવ્યાના ચોવીસ કલાકની અંદર જ અજાણ્યા ગઠિયાઓ તેમના ખાતામાંથી કુલ રૂ.૨,૯૮,૫૦૦ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધી હતી.

યોગીચોક ખાતે 'વાસ્તુ પૂજન હાઈટ્સ' માં રહેતા વશરામભાઈ નારણભાઈ ઠુંમર (ઉ.વ.૭૨) તા. ૨૦/૦૫/૨૬ ના રોજ તેમની એસ.બી.આઈ. બેંક શાખામાં રૂબરૂ જઈને યોનો એપ ચાલુ કરવા અરજી આપી હતી. બીજા દિવસે સવારે એપ સક્રિય થતાં જ તેમના પર અલગ-અલગ અજાણ્યા નંબર પરથી હિન્દી ભાષામાં ફોન અને મિસ્ડ કોલ આવવાના શરૂ થયા હતા. સાંજે મોબાઈલ પર પહેલાં રૂ.૬૯,૫૦૦ના યુ.પી.આઈ. ટ્રાન્ઝેક્શન અને બાદમાં રૂ.૪૯,૫૦૦ના આઈ.એમ.પી.એસ. ટ્રાન્ઝેક્શનનો મેસેજ આવતા તેઓ ચોંકી ઊઠ્યા હતા.

આ દરમિયાન ગઠિયાઓએ મેસેજ કરીને 'જો ટ્રાન્ઝેક્શન ન કર્યું હોય તો કોલ કરો' તેવી માયાજાળ પણ રચી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ રહી હોવાનો અહેસાસ થતાં જ નિવૃત્ત ખેડૂતે તુરંત ગુગલ પરથી એસ.બી.આઈ.નો ટોલ-ફ્રી નંબર મેળવીને બેંક ખાતાની તમામ ઓનલાઈન સેવાઓ બંધ કરાવી દીધી હતી.

**ભાગીને લગ્ન કરી લેનારાઓ માટે આંખ ઉઘાડનારો કિસ્સો**

# હું મારાં માતા-પિતા સાથે ખુશ છું, મારે તમારી સાથે રહેવું નથી: યુવતીની કબૂલાતથી યુવાન સ્તબ્ધ

**મંદિરમાં** લગ્ન કરી યુવકે પત્નીનો કબજો મેળવવા કોર્ટમાં સર્ચ વોરંટ માટે અરજી કરી હતી, આખરે પાછી ખેંચી લેવી પડી

સુરતઃ મધ્યપ્રદેશથી ભાગીન સુરત આવ્યા બાદ મંદિરમાં લગ્ન કરનાર યુવતીના પતિએ સુરત કોર્ટમાં સર્ચ વોરંટ માટે અરજી કરી હતી.

જેની સુનાવણી દરમિયાન વિડિયો કોન્ફરન્સથી હાજર રહીને યુવતીએ પતિ સાથે રહેવાની ના પાડી દેતા આખરે પતિએ સર્ચ વોરંટ અરજી પરત ખેંચી લીધી હતી.

અમરોલી મુકામે રહેતા યુવકે મધ્યપ્રદેશના હરદા જિલ્લામાં રહેતી યુવતીને મધ્યપ્રદેશથી સુરત લાવીને તા. ૨૨-૫-૨૦૨૬ના રોજ વરાછા મુકામે મંદિરમાં લગ્ન કર્યા હતાં. બીજા જ દિવસે યુવતીનો પરિવાર પોલીસ સાથે આવી યુવતીને લઈ ગયો હતો. જેથી પતિમિત્રે કોર્ટમાં પત્નીનો કબજો મેળવવા માટે અરજી કરી હતી.

આ અરજીની સુનાવણી દરમિયાન યુવતી પક્ષે એડવોકેટ ભાવેશ કુલકર્ણી હાજર રહી યુવતીની એફિડેવિટ રજૂ કરી પોતાનું બળજબરીથી અપહરણ કરી સુરતમાં મંદિરમાં ખોટી રીતે લગ્ન કરી ગુજરાતી કાગળો પર તેની મરજી વિરુદ્ધ સહી લીધી હોવાની રજૂઆત કરી હતી. તેમજ યુવતીને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી હાજર રાખવા વિનંતી કરી હતી.

જેથી કોર્ટે દલીલોને ધ્યાને રાખી યુવતીને વિડિયો કોન્ફરન્સ મારફતે હાજર થવાની મંજૂરી આપી હતી. જેમાં યુવતીએ પોતાના માતા-પિતા સાથે ખુશ છે અને કોઈ પણ પ્રકારની બળજબરીપૂર્વક તે રહેતી નથી અને પોતે અરજદાર યુવક સાથે જવા માંગતી ન હોવાનું સ્પષ્ટ રજૂઆત કરી હતી. આખરે અરજદાર યુવકે સર્ચ વોરંટની અરજી પરત ખેંચી લીધી હતી.

## 'સ્વચ્છ અને હરિત વિદ્યાલય' અભિયાનમાં ગુજરાતની 15 શાળાની રાષ્ટ્રીય સ્તરે પસંદગી

ગાંધીનગરઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના અમલીકરણના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા હાથ ધરાયેલા "સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગ્સ (SHVR)-2025-26" કાર્યક્રમમાં ગુજરાતની 15 શાળાએ રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યની આ શાળાઓને સ્વચ્છતા, હરિયાળી, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ શૈક્ષણિક વાતાવરણના માપદંડો પર શ્રેષ્ઠ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા વિશેષ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સાથે જ ગ્રીન અને સસ્ટેનેબલ પ્રવૃત્તિઓને વધુ વેગ આપવા માટે દરેક શાળાને રૂ.1 લાખનું વિશેષ ફંડ પણ આપવામાં આવશે. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર જે. રણજીત કુમારે જણાવ્યું હતું કે SHVR કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાઓમાં સ્વચ્છ, સુરક્ષિત, સર્વસમાવેશી અને પર્યાવરણમૈત્રી માહોલ વિકસાવવાનો છે.

# લિંબાયતમાં કિશોરીનું તાવમાં મોત

સુરતઃ મળેલી માહિતી મુજબ, લિંબાયત વિસ્તારમાં આવેલા રત્નાચોક પાસે સહેતા સુરેશભાઈ સુરતીની 17 વર્ષીય પુત્રી ઈશા, બે વર્ષ પહેલા ધોરણ 10માં નાપાસ થઈ ગઈ હતી. જેથી તેણીએ ભણવાનું છોડી દીધુ હતું. ત્યારબાદ તે રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતી હતી. તેને બે દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી પરિવારજનો મેડિકલ સ્ટોર પરથી દવા લાવીને તેને આપતા હતા. જોકે ગુરુવારે વહેલી સવારે 4 વાગ્યાના સુમારે ઊંઘમાં ઈશાની તબિયત લથડતા પરિવારજનો તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ઈશાને મૃત જાહેર કરી હતી.

**સુડોકુ ૬૫૫૩ - 'કૃતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૬ | ૭ | | | | | ૮ |
| | | ૪ | | ૨ | ૫ | ૩ | ૭ | |
| ૮ | ૭ | | ૯ | ૩ | | ૧ | | |
| ૫ | | | | | | ૬ | ૮ | ૭ |
| | | ૧ | ૨ | | ૭ | | | ૩ |
| ૩ | | | ૫ | ૮ | | ૨ | ૪ | ૧ |
| | | | | ૫ | ૨ | ૭ | ૩ | |
| | | | | ૯ | | ૪ | | |
| ૯ | | ૨ | | ૭ | ૪ | ૮ | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**કપાસના મૂળઃ સંશોધનમાં**

કપાસના મૂળમાં અર્ગટ જેવો સંકોચ કરવાનો ગુણ છે. ગામડાંમાં એના પ્રયોગ થયા હોવાનું જાણવા મળે છે. એના પર આધુનિક સંશોધન થાય તો ઉત્તમ પરિણામ મળે તેવી અમને શ્રદ્ધા છે.

## આજનું પંચાંગ

**તા. 19/06/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિઃ** સુદઃ પાંચમઃ 17:01
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠઃ 29
**યોગ :** હર્ષણ **કરણઃ** કૌવલ
**નક્ષત્ર :** અશ્લેષાઃ 10:10 સુધી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરવી
**રાશિઃ** કર્ક (ડ,હ) 10:10 પછી સિંહ (મ,ટ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 05:59 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:21
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 09મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
**રાહુ કાળ :** સવારેઃ- 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચાર મળે. આવક વધે. પરીક્ષાના સફળતા મળે. પરિવાર સાથે મનોરંજન થાય. પ્રેમમાં સહકાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી કે રોજગાર માટેના પ્રયત્નો સફળ રહે. પ્રવાસમાં અનુકુળતા રહે. ઘરમાં મહત્વના ફેરફાર થાય.

**મિથુન (ક,છ,ઘ,):** હાથ પરનો કામમાં પરિવારનો સાથ મળે. ઉધાર લેવાની યોજના બને. વિવાદથી અશાંતિ પેદા થાય.

**કર્ક (ડ,હ,):** નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. આવક વધારવાની તક મળે. પ્રેમમાં સહકાર મળે. ઘરમાં અવ-નવર વધશે.

**સિંહ (મ,ટ,):** સમાજીક કામથી યસ મળે. ભાગીદારો સાથે યોગ્ય ચરલથી નવી યોજના પાર પડે.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રેમમાં વિશ્વાસ વધશે. ઈર્ષાળુથી સાવધાન, આંખની પીડા સતાવે. કાયદાકીય પ્રશ્નો સતાવશે.

**તુલા (ર,ત,):** નોકરીમાં જવાબદારી વધે. ધંધામાં આવક વધે. વિદ્યાર્થીઓને મદદ મળે. સંતાન ચિંતા સતાવે.

**વૃશ્ચિક (ન,ય,):** ધર્મ-કર્મથી શાંતિ મળે. તીર્થયાત્રા પરિવાર સાથે થાય. અચાનક શુભ સમાચારથી આત્મવિશ્વાસ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. વિશ્વાસઘાત થઈ શકે છે. ધાર્મિક પ્રવાસ થાય. આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે.

**મકર (ખ,જ,):** વડીલોનું માર્ગદર્શન ઉપયોગી બને. રોજની આવક વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** હરીફોથી સાવધાન, નોકરીમાં જવાબદારી વધે. ઘરના કામમાં વિઘ્નો આવે. અશાંતિ પેદા થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથનો અનુભવ થાય. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. આવક વધશે.

## કોઈ પણ સાલમાં 19 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે ટેક્નોલોજી અને સરકારી નીતિ વગેરેથી નવું શિખવા અને કામનો બોજ વધશે. આરોગ્ય નરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકુળતા થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં કાયદાકીય પ્રશ્નો વધે. નવી નીતિ કે સરકારી દખલથી ધંધા-વેપારમાં હરીફો વધશે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં અવરોધ આવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી-પડતી રહે. વિદેશના વિદ્યાભ્યાસ બાબતે મદદ મળે. વિદ્યાર્થીઓને મુઝવણનો સામાન વધશે. યાત્રા-પ્રવાસનો કામમાં વિઘ્નો આવે. નવા વેપાર-ધંધામાં હરીફો સતાવે. વારસા, જાયદાત, જમીન, જેવા કામમાં વિઘ્નો આવે. ધર્મ-કર્મથી શાંતિ મળશે. જુલાઈ, ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10,28 તારીખે નવા કામ કરવા સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડીસેમ્બર, શુક્ર શનિવાર, 07,16,25, તારીખે નવા કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય ઉપાસના કરવી.

# અલ-નીનોએ ઊભા કરેલા દુષ્કાળના પડકાર સામે ગુજરાત સંપૂર્ણ સજ્જ

**300** તળાવો અને સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદાનું પાણી ભરાશે

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલની ઉચ્ચસ્તરીય બેઠકમાં મહત્ત્વના નિર્ણયો

ગાંધીનગર : આગામી અલ-નીનોની સંભવિત અસરને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યવ્યાપી આગોતરી તૈયારી શરૂ કરી છે. પીવાના પાણીની અછત ન સર્જાય તે માટે નર્મદા પાઈપલાઈનથી તળાવો ભરવાની મર્યાદા 3 કિ.મી.થી વધારીને 7 કિ.મી. કરવામાં આવી છે, જેના પરિણામે ઉત્તર ગુજરાતના 300થી વધુ તળાવો તેમજ સૌરાષ્ટ્રના વિવિધ ડેમોમાં નર્મદાનું પાણી પહોંચાડવામાં આવશે. સાથે જ ખેડૂતો માટે આકસ્મિક પાક આયોજન, AI આધારિત 'કૃષિ પ્રગતિ' પોર્ટલ દ્વારા 50 લાખથી વધુ ખેડૂતોને માર્ગદર્શન, પશુઓ માટે બે વર્ષ સુધી પૂરતો ઘાસચારાનો બફર સ્ટોક અને તમામ વિભાગો વચ્ચે સંકલિત માઈક્રો-પ્લાનિંગ સહિતના પગલાં લેવામાં આવ્યા હોવાનું રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે અલ-નીનો અંગે ગભરાવાની જરૂર નથી, કારણ કે સમગ્ર વહીવટી તંત્ર ખેડૂતો અને નાગરિકોના હિતોની સુરક્ષા માટે સંપૂર્ણ સજ્જ છે.વાઘાણીએ જણાવ્યું હતું કે નાગરિકો, ખેડૂતો અને પશુધનને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકાર દ્વારા સંકલિત માઈક્રો-પ્લાનિંગ અમલમાં મૂકવામાં આવ્યું છે.

રાજ્યમાં પીવાના પાણીની સ્થિતિ મજબૂત બનાવવા માટે મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ નિર્ણય લેતાં નર્મદા પાઈપલાઈનથી તળાવો ભરવાની મર્યાદા 3 કિલોમીટરથી વધારીને 7 કિલોમીટર કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયના પરિણામે ઉત્તર ગુજરાતમાં સુજલામ-સુફલામ યોજના હેઠળ આશરે 300થી વધુ તળાવો નર્મદાના પાણીથી ભરાશે. સાથે જ સૌરાષ્ટ્રમાં સૌની યોજના અંતર્ગત વિવિધ પીવાના પાણીના ડેમોમાં તાત્કાલિક પાણી પહોંચાડવા સૂચના આપવામાં આવી છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે ખરીફ-2026 માટે રાજ્યમાં બિયારણ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. અલ-નીનોની સ્થિતિમાં ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે કૃષિ વિભાગે 'આકસ્મિક પાક આયોજન' જાહેર કર્યું છે, જેમાં ઓછા પાણીમાં પાકી શકે તેવા વૈકલ્પિક પાકોની માહિતી અને વૈજ્ઞાનિક સલાહનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત AI આધારિત 'કૃષિ પ્રગતિ' પોર્ટલ દ્વારા 50 લાખથી વધુ ખેડૂતોને મોબાઈલ પર હવામાન અને ખેતી સંબંધિત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

પશુધનના સંરક્ષણને પણ સરકાર દ્વારા પ્રાથમિકતા આપવામાં આવી છે. સંભવિત ઘાસચારા સંકટને પહોંચી વળવા માટે વન અને પશુપાલન વિભાગને પૂરતો બફર સ્ટોક તૈયાર રાખવા સૂચના અપાઈ છે. હાલમાં રાજ્યમાં બે વર્ષ સુધી ચાલે તેટલો ઘાસચારાનો જથ્થો ઉપલબ્ધ હોવાનું સરકારે જણાવ્યું છે. મુખ્યમંત્રીએ મહેસૂલ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રને 24 કલાક પરિસ્થિતિ પર નજર રાખવા અને તમામ સંજોગોમાં સતર્ક રહેવા સૂચના આપી છે.